**ક્રિમીનલ કેસ નં.૩૬૯૯/૨૦૨૨.**

<u>આંક–૦૧ લગત હુકમ</u>

(૧) હાલના કામના આરોપી રમલીબેન વેસ્તાભાઈ ભેદી, રહે. ટીડોરી, ફળીયા, ઉસરવાણ, તા.જી.દાહોદનાઓ વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૫એએ હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તે મુજબના ગુનાનું પોલીસ ધ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા, તેમને વિના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપી સ્વેચ્છાએ કબુલાત કરતા હોય, તેમને તે બાબતની સમજ આપી અને આરોપી સદર કબુલાત સ્વૈચ્છિક તથા કોઈપણ જાતના દબાણ વગર આપતા હોવાની ખાત્રી કરી સ્વીકારી તથા આરોપીની આંક–૦૬ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે.

(૩) આંક–૦૪ થી આરોપી પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે, આ તેઓના પ્રથમ ગુનો છે અને ભુતકાળમાં કોઈ ગુનો કરેલ નથી અને રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળે તે હેતુથી કબુલાત આપે છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છિક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવું કૃત્ય નહી કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે.

(૪) આમ, હાલના કેસમાં કોર્ટ ધ્વારા ના. ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર. ૭૦૯, ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપવી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>– : આખરી હુકમ :–</u>

આ કામના આરોપી રમલીબેન વેસ્તાભાઈ ભેદી, રહે. ટીડોરી, ફળીયા, ઉસરવાણ, તા.જી.દાહોદ નાઓને ફોજદારી કાર્યરીતિ સંહીતા, ૧૯૭૩ની કલમ–૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ની કલમ–૬૫એએ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબ્જે લેવાયેલ મુદામાલનો અપીલ સમય વિત્યેથી નીયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તા.૧૧ મી ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સિટીંગમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩
દાહોદ.

(એસ.જી.શેખ)
ત્રીજા એડીશ્નલ જયુડી.મેજી.ફ.કલાસ
દાહોદ
કોડ જીજે ૦૧૬૧૫.